# ગૌરવ : સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષ-૨૦૨૦-૨૧માં સમગ્ર દેશમાં ગુજરાતે મેળવ્યો પ્રથમ ક્રમ

**ફૂડ સેમ્પલીંગ-ટેસ્ટીંગ-લેબોરેટરી ઈન્ફ્રાસ્ટ્રકચર-ટ્રેનિંગ અને રાજ્યમાં મળતા ખોરાકની ગુણવત્તાના માપદંડોમાં ગુજરાત અગ્રેસર**

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતે ફૂડ એન્ડ સેફટી સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડીયા ભારત સરકાર દ્વારા આપવામાં આવતા સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષમાં દેશભરના રાજ્યોમાં બેસ્ટ પરફોર્મિંગ સ્ટેટ તરીકે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

ગુજરાતે ૨૦૨૦-૨૧ના સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષમાં ૭૨ ટકા મેળવીને દેશના મોટા રાજ્યોમાં પ્રથમ ક્રમ હાંસલ કરવાની આ સિદ્ધિ મેળવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ખોરાક ઔષધ નિયમનતંત્ર અને આરોગ્ય વિભાગને આ ગૌરવસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે અભિનંદન પાઠવ્યા છે.

ભારત સરકાર દ્વારા સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષ માટેના જે માપદંડો-ધારાધોરણો નિયત કરવામાં આવ્યા છે તેમાં ઓવરઓલ પરફોમન્સ ઓન ફૂડ સેફટીના આધારે રાજ્યોને શ્રેષ્ઠતાના ક્રમ આપવામાં આવે છે.

આ માપદંડોમાં ફૂડ સેમ્પલીંગ, ટેસ્ટીંગ, લેબોરેટરી ઈન્ફ્રાસ્ટ્રકચર, કોમ્પ્લાયન્સ, ટ્રેનિંગ, લાયસન્સ અને રજીસ્ટ્રેશન અને રાજ્યમાં મળતા ખોરાકની ગુણવત્તા ઉપર ભાર મુકવામાં આવે છે.

ગુજરાતે આ બધા જ માપદંડ અને ધારાધોરણોમાં શ્રેષ્ઠતા પૂરવાર કરીને ભારત સરકાર દ્વારા આપવામાં આવતો આ એવોર્ડ મેળવ્યો છે.

ગુજરાતે આ પ્રથમ ક્રમ સતત બીજા વર્ષે પણ જાળવી રાખ્યો છે અને ૨૦૧૯-૨૦ ના સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષમાં પ્રથમ ક્રમ મેળવ્યા બાદ ૨૦૨૦-૨૧માં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખભાઈ માંડવીયાએ નવી દિલ્હીમાં આયોજિત સમારોહમાં ગુજરાતને આ એવોર્ડ અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

# આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે સોલા સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના નવનિયુક્ત આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે આજે અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.



સોલા સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ હોસ્પિટલમાં ઉપલબ્ધ સેવાઓ, માળખાગત સુવિધાઓ, વ્યવસ્થાપન વગેરેનું નિરિક્ષણ કરી તાગ મેળવ્યો હતો. મુલાકાત બાદ મંત્રીએ હોસ્પિટલના તમામ વિભાગના વડા, તબીબો સાથે બેઠક યોજી હતી.

મુલાકાત બાદ મીડિયા સાથેના સંવાદમાં મંત્રીએ જણાવ્યું કે કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો સામનો કરવા સંપુર્ણ તૈયારીઓ સાથે ગુજરાત સરકાર સજ્જ છે. કોઈ પણ પરિસ્થિતિમાં સરકારે હકારાત્મક અને સંવેદનશીલ અભિગમ સાથે પગલાં લીધા છે. કોરોના બંને લહેર ઉપર સફળતાપૂર્વક નિયંત્રણ મેળવવામાં સરકાર સફળ રહી છે જેના પરિણામે આજે રાજ્યમાં કોરોનાના નજીવા કેસ છે.



કોરોનાની સંભવિત ત્રીજી લહેરમાં પણ દર્દીને સત્વરે શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે દવાના જથ્થા, તબીબી ઉપકરણો, ઓક્સિજન પ્લાન્ટ, વેન્ટિલેટર જેવી તમામ આરોગ્ય સેવાઓની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી હોવાનું મંત્રીએ કહ્યું હતુ.

રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી નિમિષાબેન સુથારે આ પ્રસંગે કહ્યું કે સરકાર દ્વારા કોરોનાની જનજાગૃતિના વ્યાપક પ્રચાર-પ્રસાર હાથ ધરવામાં આવ્યો છે. કોરોનાના કેસ ઓછા થયા છે, પરંતુ કોરોના સંપૂર્ણપણે ગયો નથી માટે કોરોનાની તમામ ગાઈડલાઈનનુ પાલન કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

# આચારસંહિતાના નામે બેનર-ઝંડા ઉતારાતા "આપ" પાર્ટી અકળાઈ

**ભાજપની એક પણ ઝંડી ના ઉતારતા અને માત્ર "આપ"ના જ બેનર ઉતારવાની તંત્રની હરકત સામે આપના કાર્યકરોનો રોષ : બેનર ઉતારતા કોર્પોરેશનના વાહનને અટકાવી ચુંટણી પંચની મંજુરી દર્શાવી**

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓનો માહોલ જામી ગયો છે અને



રાજકીય પક્ષોની હુંસાતુસી સાથે આચારસંહિતાની અમલવારીમાં વ્હાલાં-દવલાંની નીતિના આક્ષેપો પણ શરૂ થઈ ગયાં છે. શહેરમાં છેલ્લા ત્રણેક દિવસથી આમ આદમી પાર્ટી દ્વારા આચારસંહિતા બાબતે વહીવટીતંત્ર બેવડી નીતિ અપનાવતું હોવાનો આમ આક્ષેપ કરાઈ રહ્યો છે અને આજે આપના બેનરો અને ઝંડાઓ ઉતારતા કોર્પોરેશનના વાહનને આપના હોદ્દેદારો અને કાર્યકરોએ અટકાવ્યું હતું. આ સાથે તેમણે ચૂંટણીપંચ દ્વારા બેનર ઝંડા પતાકા વગેરે લગાડવાની મંજૂરી મળી હોવાની અને તે અંતર્ગત લગાડ્યાં હોવાની રજુઆત કરી હતી.

ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં આપનાં બેનરો અને ઝંડા ઉતારી લેતાં તંત્ર દ્વારા ભાજપની એકપણ ધજા કે બેનર કાઢવામાં નહીં આવતાં આમ આદમી પાર્ટી અકળાઈ ઉઠી હતી. આ સાથે આપના નેતાઓ દ્વારા શહેરમાં આચાર સંહિતાના પાલનમાં તંત્ર દ્વારા વ્હાલાં દવલાંની નીતિ અપનાવી રહ્યું હોવાનો આક્ષેપ કરવામા આવ્યો છે. એક તબક્કે તો આમ આદમી પાર્ટીના કાર્યકરો માત્ર આપના જ બેનર અને ઝંડાઓ ઉતારી રહેલા કોર્પોરેશનના વાહનની આગળ પલાઠી વાળીને બેસી ગયાં હતાં અને વાહનને અટકાવ્યું હતું જેનાં કારણે ઉમેદવારોને આચાર સંહિતાની અમલવારી માટે આવેલા કર્મચારીઓ સાથે થોડીક બોલાચાલી પણ થઈ હતી. આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો હતો કે રાયસણ વિસ્તારમાં ઠેર ઠેર ભાજપના બેનરો તેમજ પતાકા લહેરાઈ રહી હોવા છતાં એકમાત્ર આમ આદમી પાર્ટીના જ બેનરો ઉતારી લઈ ટેમ્પામાં ભરી લેવામાં આવ્યા હતા. અગાઉ શહેરના ઘ માર્ગ પર પણ આમ આદમી પાર્ટી દ્વારા લગાડવામાં આવેલા ઝંડાઓ ઉતારી લેવામાં આવ્યાં હતાં.

## ચ-રોડ પર કારની ટક્કરથી એક ગાય ગંભીર રીતે ઘવાઈ

ગાંધીનગર તા.૨૧

ગાંધીનગરના 'ચ' માર્ગ પર આજે સાંજે ચ-૨થી ચ-૦ વચ્ચે કારની ટક્કર એક ગાય સાથે થવા પામી હતી જેમાં ગાયને કમરના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેના પાછળના બંને પગ નકામાં થઈ જવા પામ્યાં હતાં. સદ્ભાગ્યે આ અકસ્માતમાં કાર ચાલકને કોઈ ઈજા થવા પામી નહોતી પરંતુ કારને ઘણું નુકસાન થવા પામ્યું હતું. ઘટનાની જાણ થતાં જ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ ગાયને બચાવવા માટે ગાંધીનગર વોલિયેન્ટર્સ ગ્રૂપના રેસ્ક્યુઅર્સ સ્વયંસેવકો વિવેક પરમાર તથા કૌશલભાઈ ઘટનાસ્થળે ધસી ગયાં હતાં અને રૂપાલ ગામ ખાતેની જનની ગૌશાળાનો સંપર્ક કરી તેમની એમ્બ્યુલન્સને બોલાવી ગાયને સારવાર અર્થે મોકલવાની તજવીજ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જે કાર સાથે અકસ્માત થયો હતો તે કાર પર નંબર પ્લેટ પર બીજેપી પ્રદેશ એવું લખાણ હતું જેના પરથી કાર ભાજપના કોઈ નેતાની હોવાનું જણાઈ આવ્યું હતુ.

# સોમનાથ મંદિરના ''ડિજિટલ પ્રમોશન અને સંરક્ષણ કાર્ય''નો પ્રારંભ

**આગામી સમયમાં સોમનાથ મંદિરને ઘરે બેઠા 3D વ્યુમાં નિહાળીને દર્શન કરી શકાશે : 3-Way Digital CAVE VR ના માધ્યમથી શ્રદ્ધાળુઓ ઘરે બેઠા સ્વયં સોમનાથ મંદિર પરિસરમાં પરિભ્રમણ કરી રહ્યાની અનુભૂતિ કરી શકશે**

ગાંધીનગર, તા. ૨૧

ભારતના ૧૨ જર્યોર્તિલિંગમાંના પ્રથમ એવા શ્રી સોમનાથ મંદિરને આગામી સમયમાં ઘરે બેઠા ૩ઙ વ્યુમાં નિહાળીને દર્શન કરી શકાશે. આ સિવાય 3-Way Digital CAVE VRના માધ્યમથી શ્રદ્ધાળુઓ પોતાના ઘરે બેઠા સ્વયં સોમનાથ મંદિર પરિસરમાં પરિભ્રમણ કરી રહ્યાની અનુભૂતિ કરી શકશે. એક ક્લિકથી જ પ્રવાસીઓ તેમના ફોન, ટેબ્લેટ કે લેપટોપનો ઉપયોગ કરીને મંદિર પરિસરને અનોખા સ્વરૂપે જોઈ શકશે.

ગુજરાતમાં આવેલા સોમનાથ મંદિરની અદ્વિતીય સ્થાપત્ય કલાનું સંરક્ષણ અને સંવર્ધનના હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા માર્ગદર્શનમાં ''શ્રી સોમનાથ ટ્રસ્ટ'' અને ''ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ''ના સંયુક્ત પ્રયાસથી 'વિનાશ પર નિર્માણના પ્રતીક સમાન' પ્રભાસ પાટણ સ્થિત ''શ્રી સોમનાથ મંદિર'' ના ડિજિટલ પ્રમોશન અને સંરક્ષણ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે તેમ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આ વિશેષ ટેકનોલોજી બિલ્ડીંગ ઈન્ફોર્મેશન મોડલ (BIM) પર આધારિત છે. જેનો ઉપયોગ સંવર્ધન અને પુનઃ સ્થાપનાની પ્રક્રિયા માટે થઈ શકે છે. આ 3D મોડલ ડિજિટલ મ્યુઝિયમ, વર્ચ્યુઅલ એક્ઝિબીશન, રિસર્ચ, ડિજિટલ પ્રમોશન અને જાળવણી માટે અતિઉપયોગી સાબિત થશે અને જો ભવિષ્યમાં જરૂર ઊભી થાય તો, આ 3D પ્રિન્ટેડ મોડલથી સ્ટ્રકચરની પ્રતિકૃતિ સરળતાથી તૈયાર થઈ શકે છે. પેરિસના ''નોટ્રે ડેમ કેથેડ્રલ''માં આગના બનાવ બાદ તેનું પુનઃ નિર્માણ શક્ય બનવું તે આ ટેકનોલોજીને જ આભારી છે.

# ટેકનિકલ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ કાર્યવાહી આજથી આરંભાશે

**ગાંધીનગરમાં માર્ગદર્શન પુસ્તિકાનું વિમોચન કરાયુ**

ગાંધીનગર, તા. ૨૧

શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય સરકાર હેઠળની ટેકનીકલ શિક્ષણ હસ્તક ની એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા વિવિધ ટેકનીકલ અભ્યાસક્રમોના પ્રવેશ ની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.


આજરોજ શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર ના વરદ હસ્તે રાજ્યના ટેકનીકલ શિક્ષણમાં પ્રવેશ ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓને ઉપયોગી એવી માહિતી પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. ઉક્ત વિમોચનમાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવશ્રી એસ. જે. હૈદર, નિયામક શ્રી ટેકનીકલ શિક્ષણ જી.ટી.પંડ્યા, સભ્ય સચિવ પ્રવેશ સમિતિ ડો. રાજુલ ગજ્જર અને અન્ય પ્રવેશ સમિતિના અધિકારી ઉપસ્થિત રહયા હતા.



વર્ષ ૨૦૨૧ માં પ્રથમ વખત શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ આ પ્રકારની પુસ્તિકા રાજ્યના તમામ વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ શકે તે રીતે સંકલિત કરીને વિદ્યાર્થીઓ નાં માટે મુકવામાં આવેલ છે. જેમાં પ્રોફેશનલ અભ્યાસક્રમોના તમામ અભ્યાસક્રમોની વિગતવાર માહિતી, રાજ્યની તમામ ઈજનેરી સંસ્થાઓની બેઠકો, સંસ્થાઓની લેબોરેટરી અને અન્ય સંસાધનો ની વિગતો, વિવિધ એકર્ડીએશન તથા સંસ્થાની ટેકનીકલ ઈનોવેશન કાર્યક્રમોની માહિતી, હોસ્ટેલ તથા પ્લેસમેન્ટ અને સ્ટાર્ટઅપ ની વિગતો આપવામાં આવેલ છે. તદુપરાંત વિવિધ બ્રાન્ચની તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



પિતાજી, હવે પહેલા જેવી મજા નથી આવતી, હવે બધા ભક્તો પ્રસાદી ધરીને મારી સામે ચમકતા અરીસા લઈને મારી સામે ઉભા રહી જતા હતા.

## નવનિયુક્ત ગૃહ રાજ્ય મંત્રી રાષ્ટ્ર સંતના દર્શનાર્થે પધાર્યા

ગુજરાત રાજ્યના નવનિયુક્ત ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ મંગળવારના રોજ સે.૨૨ ખાતે ગાંધીનગર જૈન સંઘના આંગણે ચાતુર્માસ અર્થે બિરાજમાન રાષ્ટ્રસંત આચાર્ય પૂ.પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.ની મુલાકાત કરી ગુરુપૂજન કરી આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે ગણિવર્ય પૂ.પ્રશાંતસાગરજી મ.સા. પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગાંધીનગર જૈન સમાજના શ્રેષ્ઠીઓએ તેઓને શાલ ઓઢાડી, શ્રીફળ આપી બહુમાન કરીને શુભેચ્છાઓ પાઠવી હતી.



## મોહનપુર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે પત્રો લખી શુભેચ્છા પાઠવી

તલોદ તાલુકાના મોહનપુર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧માં જન્મદિનની શુભેચ્છા પાઠવવા માટે પત્રો લખવામાં આવ્યા હતા. જે પુંસરી જિલ્લા પંચાયત સદસ્યા ભારતીબેન પટેલ, મહીલા મોરચાના પ્રમુખ જિજ્ઞાબેન મહેતા, અનુ.જા. મોરચાના પ્રમુખ નવનીતભાઈની ઉપસ્થિતિમાં મહિલાઓ, બાળકો, ગ્રામજનો તથા કાર્યકરો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્રો લખી શુભેચ્છા પાઠવી હતી. અયોધ્યામાં રામજી મંદિર બનાવવા, ૩૭૦ રદ કરવા, ત્રિપલ તલાક રદ કરવા જેવી બાબતો લખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર વ્યકત કર્યો હતો.

## મંત્રણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ કાર્યક્રમ ૨૫ સપ્ટેમ્બરે થશે. પીએમ મોદીના અમેરિકાના પ્રવાસના એજન્ડામાં અફઘાનિસ્તાન અને પાકિસ્તાન પણ છે. પીએમ મોદી અફઘાનમાં તાલિબાન સરકાર પર પોતાનુ વલણ પહેલેથી જ સ્પષ્ટ કરી ચૂક્યા છે. અફઘાનિસ્તાન પર થયેલા એસસીઓ-સીએસટીઓ આઉટરીચ સમિટમાં પીએમ મોદીએ તાલિબાન શાસનમાં મહિલાઓ અને લઘુમતીના પ્રત્યે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે યુએનથી આ મુદ્દે હસ્તક્ષેપની માગ કરી હતી અને કહ્યુ હતુ કે તાલિબાન સરકારને માન્યતા આપવી કે નહીં આ વૈશ્વિક સ્તરે નક્કી થવુ જોઈએ.

## પરસેવો પડાવે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે પાંચ-સાત જગ્યાએ હજુ મનામણા-રીસામણાની વિધિ ચાલે છે. બે-ત્રણ દિવસમાં ઘી ના ઠામમાં ઘી પડી રહેશે... તેવું પદાધિકારીઓ માની રહ્યાં છે. જ્યારે કોંગ્રેસમાં કેટલાક વોર્ડના ઉમેદવારો જ પોતાના વિશાળ ગૃપ... સંબંધો અને સંપર્કોના પગલે આક્રમકતાથી પ્રચાર કરી રહ્યા છે. પરંતુ કેટલાંક વોર્ડમાં તો નિરસતા દેખાય છે અને કેટલાય અગ્રણીઓ એવું માને છે કે આમ આદમી પાર્ટી કોંગ્રેસના મતમાં ભાગ પડાવશે જેના કારણે ભાજપની જીત સરળ બનશે..!!

બીજી તરફ આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓએ ગાંધીનગરમાં ધામા નાખ્યા છે..!! કેટલાય ચુનંદા કાર્યકરો અલગ-અલગ શહેરોમાંથી પ્રચાર માટે ગાંધીનગર પહોંચી રહ્યા છે. હજુ આગામી દિવસોમાં 'આપ'ની આક્રમકતા હજુ પણ વધશે તેવો દાવો કરાય છે. ટુંકમાં દિવસે-દિવસે ચિત્ર બદલાતુ રહે છે. મહાનગરપાલિકાનો મહાજંગ કેવા રંગ ઉપસાવશે એ તો સમય જ કહેશે..!! પરંતુ ગુજરાતની રાજનીતિમાં ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનું પરિણામ એક વર્ષ સુધી ગાજતું રહેશે તે વાત સો ટકા માનવી પડે તેમ છે.

## વેરણછેરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફુટપાથ નિર્માણનુ કામ માર્ગ મકાન વિભાગ કક્ષાએથી કરાયુ છે પરંતુ આખા શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈનની કામગીરી દરમિયાન આડેધડ ખોદકામ થતા વોક વે ની દશા બેઠી છે. ખ-૦ થી ગ-૦ માર્ગ પર ફુટપાથની આવી જ દશા છે. સ્માર્ટ સીટીની ફુટપાથ તંત્રની સ્માર્ટ કામગીરીનુ ઉત્તમ ઉદાહરણ છે.


## કંપની સમાચાર

### ડીએચએલ એક્સપ્રેસ દ્વારા ભારતમાં ૨૦૨૨ માટે વાર્ષિક કિંમત સમાયોજનન ઘોષણા

દુનિયામાં અગ્રણી આંતરરાષ્ટ્રીય એક્સપ્રેસ સેવાઓની પ્રદાતા ડીએચએલ એક્સપ્રેસ દ્વારા ૧લી જાન્યુઆરી, ૨૦૨૨થી અમલ સાથે કિંમતમાં વધારો આજે ઘોષિત કરવામાં આવ્યો હતો. ૨૦૨૧ની તુલનામાં ભારતમાં સરેરાશ વધારો ૬.૯ ટકા રહેશે.

કિંમતો ડીએચએલ એક્સપ્રેસ દ્વારા વાર્ષિક ધોરણે સમાયોજિત થશે, જેમાં મોંઘવારી, કરન્સીની ગતિશીલતા તેમ જ નિયામક અને સલામતીનાં પગલાં સંબંધી વહીવટી ખર્ચને ધ્યાનમાં લેવામાં આવ્યા છે. આ પગલાં ડીએચએલ સેવા આપે તે ૨૨૦થી વધુ દેશો અને પ્રદેશમાંથી પ્રત્યેકમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રશાસન દ્વારા નિયમિત અપડેટ કરવામાં આવે છે. સ્થાનિક સ્થિતિઓને આધારે કિંમતમાં સંયોજન દેશથી દેશ ભિન્ન હોય છે અને કરાર મંજૂરી આપે તે બધા ગ્રાહકો માટે લાગુ થશે. સમાયોજનમાં કંપની તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્કમાં વધુ રોકાણ કરશે અને કટોકટીઓ સામે તેમની સ્થિતિસ્થાપકતા મજબૂત કરશે અને વધતી ગ્રાહક માગણીઓને લીધે જરૂરી ક્ષમતા વૃદ્ધિ પૂરી પાડશે.

વૈશ્વિક કટોકટીના સમયમાં પણ અમે અમારા ગ્રાહકો માટે ઉત્કૃષ્ટતા પ્રદાન કરવા માટે અમારા લોકો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રક્રિયાઓમાં રોકાણ કરવાનું ચાલુ રાખ્યું છે. અમે અમારી સેવાઓ વિસ્તારવા અને બહેતર બનાવવા માટે સતત ભાર આપ્યો છે, સએમ ડીએચએલ એક્સપ્રેસ ઈન્ડિયાના એસવીપી અને મેનેજિંગ ડાયરેક્ટર આર એસ સુબ્રમણિયને જણાવ્યું હતું. વાર્ષિક કિંમત સમાયોજનને લીધે અમે ડિજિટલ સાધનોમાં વધુ રોકાણ કરી શક્યા છીએ. તેને કારણે સ્થિતિસ્થાપક, સક્ષમ અને કક્ષામાં અવ્વલ ગ્રાહક નિવારણોને ખાતરી રાખવા માટે સુવિધા અને ફલીટ વિસ્તરણમાં અમે રોકાણ કરી શક્યા છીએ. આમાં અત્યાધુનિક એરક્રાફ્ટ અને વાહનોનો થાય છે અને સીમાપાર શિપિંગ શક્ય ઝડપથી વૃદ્ધિ પામતું રહે તે માટે ગ્રાહકોની માગણી તરીકે ક્ષમતાઓ વધારવા માટે અમારાં કેન્દ્રો અને ગેટવેઝનું વિસ્તરણ પણ ચાલુ રાખ્યું છે. અમે વૈશ્વિક સ્તરે નિયામત અને સલામતીનાં પગલાં વધારવા માટે સતત સંપૂર્ણ અભિમુખતામાં રોકાણ ચાલુ રાખ્યું છે. આ રોકાણો અમારા ગ્રાહકોના પ્રવાસમાં દરેક પગલે તેમને ટેકો આપવાની ખાતરી રાખે છે.

### કૉ-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ લૉન્ચ કરવા માટે એચડીએફસી બેંકે પેટીએમ સાથે હાથ મિલાવ્યાં

એચડીએફસી બેંક તથા વપરાશકર્તાઓ અને વેપારીઓ (૧) માટેની ભારતની અગ્રણી ડિજિટલ ઈકોસિસ્ટમ પેટીએમએ આજે વિઝાથી સંચાલિત થતાં ક્રેડિટ કાર્ડ્સની વ્યાપક રેન્જ લૉન્ચ કરવાની તેમની યોજનાની જાહેરાત કરી હતી. આ પ્રકારના પ્રથમ ગઠબંધન પાછળનો ઉદ્દેશ્ય, ૨૧મી સદીની યુવા પેઢી, વ્યવસાયના માલિકો અને વેપારીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી ગ્રાહકોના વિવિધ સેગમેન્ટને વિવિધ નાણાકીય સેવાઓની વ્યાપક શ્રેણી પૂરી પાડવાનો છે.

ક્રેડિટ કાર્ડ્સને, ક્રેડિટ કાર્ડનો નવોસવો ઉપયોગ શરૂ કરનારાઓથી માંડીને તેના ઉપયોગમાં માહેર હોય તેવા રીટેઈલ ગ્રાહકોની અલગ-અલગ જરૂરિયાતોને પૂરી કરવા માટે કસ્ટમાઈઝ કરવામાં આવશે તથા વપરાશકર્તાઓ માટે શ્રેણીમાં શ્રેષ્ઠ હોય તેવા રીવૉર્ડ્સ અને કેશબેક પણ પૂરાં પાડવામાં આવશે. ક્રેડિટ કાર્ડ્સની આ નવી સુવિધા નાના વેપારીઓને પણ સુવિધાજનક બની રહેશે.

ઑક્ટોબર ૨૦૨૧માં આ કાર્ડને લૉન્ચ કરવાનું આયોજન છે, જેથી તહેવારોની સીઝનમાં ક્રેડિટ કાર્ડની ઑફરો, ઈએમઆઈ અને બાય નાઉ પે લેટર જેવા વિકલ્પોની ગ્રાહકોની સંભવિત ઊંચી માંગને પહોંચી વળી શકાય. વળી, આ ઉત્પાદનોના સંપૂર્ણ સમુહને ડિસેમ્બર ૨૦૨૧ના અંત સુધીમાં લૉન્ચ કરી દેવામાં આવશે. ૫.૧ કરોડથી વધુ ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ અને પ્રીપેઈડ કાર્ડ્સ તથા માર્કેટના દરેક સેગમેન્ટને સેવા પૂરી પાડી રહેલાં ૨૦ લાખથી વધુ વેપારીઓની સાથે ભારતમાં કાર્ડ્સ પર ખર્ચવામાં આવતો દર ત્રીજો રૂપિયો એચડીએફસી બેંકના કાર્ડ મારફતે ખર્ચવામાં આવે છે. આમ, એચડીએફસી બેંકે ભારતમાં તેના વપરાશને વધારવામાં વર્ષોથી ઘણી નોંધપાત્ર ભૂમિકા ભજવી છે.